ગાંધીનગર સમાચાર

**સે-૨૮ જીઆઇડીસીમાં ગટરોના દુષિત પાણીનો ભરાવો દુર કરવા નવી લાઇન નંખાશે**




માધ્યમિક શિક્ષણ બોર્ડ માટે મતદાન - ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડની ૧૮ બેઠકો માટે યોજાયેલી ચૂંટણી માટે શુક્રવારે રાજ્યભરમાં મતદાન યોજાયું હતું... ગાંધીનગર ખાતે પણ ઉભા કરાયેલા બે મતદાન મથકો પર જિલ્લાના આચાર્યો - શિક્ષકો અને સંચાલકોએ મોટી સંખ્યામાં મતદાન કર્યું હતું.

# શહેરી વિસ્તારના ગામોમાં પાણીની ટાંકી અને અન્ડરગ્રાઉન્ડ સંપ બનશે

## પાણીના બોર તૈયાર કરાયા બાદ ઇલેક્ટ્રીક રૂમ બનશે : ત્રણ દાયકાને ધ્યાને લઇ પાણીની પોકાર ડામવા આયોજન

ગાંધીનગર તા ૨૦

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની જરૂરીયાત સંતોષવા માટે આગામી ત્રણ દાયકાને ધ્યાને લઈ આયોજન કરવામાં આવી રહયુ છે. શહેરી વિસ્તારના પાંચ ગામોમાં પાણીના નવા બોર તૈયાર કરી દેવાયા છે. જયારે આગામી દિવસોમાં પાણીની ઓવરહેડ ટાંકી અને સંપ તૈયાર કરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૦ કરોડથી વધુ ખર્ચ થશે. આ કાર્યયોજનાને અનુલક્ષી તંત્ર દ્વારા અંદાજ તૈયાર કરી વિભાગને સુપ્રત કરી દેવાયો છે.

શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ પાણી રસ્તા અને ગટર સહીતની માળખાગત સુવિધાઓ હજુ અપગ્રેડ થઈ નથી. જયારે તબક્કાવાર ગામોમાં કામ હાથ ધરવામાં આવી રહયા છે. જેમાં પાણીની સળગતી સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા અગાઉ પાણીના બોર બનાવવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. જેના અંતે શહેરી વિસ્તારના પાંચેય ગામોમાં પાણીના નવા બોર બનાવી દેવાયા છે. જયારે હવે પાણીના બોર સાથે અન્ડર ગ્રાઉન્ડ સંપ અને ઓવર હેડ ટાંકી બનાવવા માટે પણ તંત્ર દ્વારા કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. શહેરી વિસ્તારના ગામોમાં આગામી ત્રણ દાયકાને ધ્યાને લઈ પાણીની પોકાર ન ઉઠે તે માટે માસ્ટર પ્લાનીંગ કરવામાં આવી રહયુ છે. જેને અનુલક્ષી બોર બનાવાની કામગીરીના અંતે હવે સંપ તેમજ ઓવરહેડ ટાંકીનુ નિર્માણ કરવામાં આવશે. સુત્રોના જણાંવ્યા મુજબ ગામોમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે ૬ થી ૭ લાખ લીટરની પાણીની ટાંકી બનાવાશે. જયારે આ ઉપરાંત અન્ડર ગ્રાઉન્ડ સંપ તેમજ ઈલક્ટ્રીક રૂમ પણ બનાવાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૦ કરોડથી વધુ ખર્ચ થશે. જો કે ગામના પ્રત્યેક વિસ્તારમાં પાણીની પોકાર ડામવા માટે આ આયોજન આખરી થયા બાદ આગામી ૩૦ વર્ષ સુધી પાણીની સમસ્યા હલ થશે તેમ પણ મનાઈ રહયુ છે. શહેરી વિસ્તારના ગામોમાં વર્ષોથી પાણીની સમસ્યાના લીધે સ્થાનિક ગ્રામજનો પરેશાન છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીની જટીલ સમસ્યાના લીધે કકળાટ પ્રવર્તે છે. જયારે હવે ગામોમાં પાણીનો પ્રશ્ન હલ થશે તેમ મનાઈ રહયુ છે.

## જિલ્લાકક્ષાનો ધ્વજવંદન સમારોહ ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાની જિલ્લા કક્ષાની પ્રજાસત્તાક દિવસની ઉજવણી ગાંધીનગર ખાતે કરવામાં આવશે. રાજ્યના રાજ્ય ઉદ્યોગ મંત્રી રોહિતભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન થશે.

જિલ્લામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી અંગે તંત્રએ તૈયારીઓ આરંભી દીધી છે. રામકથા મેદાન સે. ૧૧ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં પરેડ ઉપરાંત ટેબ્લોનું નિદર્શન કરવામાં આવશે.

# જિલ્લામાં કન્યા કેળવણીને પ્રોત્સાહન માટેનો નવતર અભિગમ અપનાવાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા માટે એક વિશેષ અભિયાન હાથ ધરવાનો નિર્ણય જિલ્લા શિક્ષણ સમિતિની આજે મળેલ બેઠકમાં લેવામાં આવ્યો છે. આ માટે રૂ. પાંચ લાખના ખર્ચની મર્યાદા પણ નિયત કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે દરેક શાળાઓમાંથી નાની ઉંમરમાં માતા ગુમાવનાર બાળકી જે અભ્યાસ કરતી હોય, જે બાળકીએ પિતા ગુમાવ્યા હોય અને મા-બાપ બન્નેની છત્રછાયા ગુમાવી હોય છતાં અભ્યાસ ચાલુ હોય તેવી આ બાળાઓને આ રકમમાંથી મદદ કરી કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ માટે જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની એક સમિતિની પણ રચના કરવામાં આવી છે. જે વિગતો મળી ગયા બાદ સહાયના સ્વરૂપ અને સહાય અંગેનો નિર્ણય કરશે.

શિક્ષણ સમિતિએ જિલ્લાની ૧૦ જેટલી શાળાઓ જે જર્જરિત થઈ છે તેમાં તાત્કાલિક મરામતના કામો હાથ ધરવા માટેનો નિર્ણય પણ લીધો છે.

આ ઉપરાંત ડભોડાના પરા તરીકે ઓળખાતા કલ્યાણપુરા ખાતે ધો. ૧ થી ૫ની નવી પ્રા. શાળા શરૂ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લીધો છે.

રાંચરડા પ્રા. શાળાના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણનું જ્ઞાન આપવા માટે અમદાવાદની એક સ્વૈચ્છિક સંસ્થાની દરખાસ્તને સ્વીકૃતિ આપી તે માટેની કામ ચલાઉ મંજૂરી આપવામાં આવી છે.

## ત્રણ સનદી અધિકારીઓને વધારાનો હવાલો સોંપાયો

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સરકારના ત્રણ સનદી અધિકારીઓ પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં નીરીક્ષક તરીકે જતા તેમની જગ્યાઓનો ચાર્જ અન્ય અધિકારીઓને સોંપવામાં આવ્યો છે.

જીએસએફસીના એમ.ડી. તરીકે ફરજ બજાવતા એ.એમ. તીવારીને ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીના એમ.ડી.નો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. જ્યારે નાગરીક પુરવઠા નિગમના નિયામક તરીકે ફરજ બજાવતા રંજીથકુમારને મહીલા અને બાળ વિકાસ કમિશનરનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

આ ઉપરાંત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં નાયબ સચિવ તરીકે ફરજ બજાવતા ડૉ. રતનકંવર ગઢવીચારણને રાષ્ટ્રીય ગ્રામ આરોગ્ય મીશનના કમીશનર તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

# મેદરા કેનાલમાં મગરનુ મોત કુદરતી હતું

## આણંદ કોલેજમાં મગરના મૃતદેહનુ પી એમ કરાયા બાદ રીપોર્ટમાં સ્પષ્ટ થયુ મગર સિડ્યુયલ-વનનુ પ્રાણી હોવાથી સન્માન સાથે અગ્નિસંસ્કાર અપાશે

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરની મેદરા નર્મદા કેનાલમાંથી મગરનો મૃતદેહ મળી આવતા વનતંત્ર પણ ચિંતામાં મુકાઇ ગયુ છે. મગરનો મૃતદેહ મળી આવ્યા બાદે તેના મોતનુ કારણ જાણવા માટે પણ વનતંત્ર દ્વારા મગરના મૃતદેહને આણંદ સ્થિત કોલેજમાં મોકલી દેવાયો હતો. જો કે ડોક્ટરર્સની પેનલ દ્વારા પોસ્ટમાર્ટમ બાદ મગરનુ મુત્યુ કુદરતી સંજોગોમાં થયુ હોવાનુ રીપોર્ટના અંતે ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગર નજીક મેદરા કેનાલમાંથી ગઈકાલે ૧૦ ફુટ લાંબા મગરનો મૃતદેહ મળી આવતા સ્થાનિક ગ્રામજનો તેમજ વનતંત્રની ટીમમાં દોડધામ

● અનુસંધાન પાન-૭ પર

# બાળ અને માતા મૃત્યુદર નીચે આવે તે માટે સોશ્યલ મેપીંગ કરવા તાકીદ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં બાળમરણ અને માતા મરણનો આંક નીચે લાવવા માટે સોશ્યલ મેપીંગ કરવા માટેનો મહત્વનો નિર્ણય ગઈકાલે સાંજે જિલ્લા આરોગ્ય મિશનની મળેલ ગર્વનીંગ બોડીની બેઠકમાં લેવાયો છે.

જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળેલ આ બેઠકમાં જિલ્લામાં સગર્ભા માતાની નોંધણીથી પ્રસુતિ દરમ્યાન તેને પોષણક્ષમ આહાર મળે તે વિશે જાગૃતતા લાવવા તેમજ કુપોષિત બાળક જન્મતુ કેવી રીતે અટકાવી શકાય તેના વિશેની સગર્ભાના પરિવારને સમજ આપવાની વ્યુહરચના તૈયાર કરવામાં આવી છે.

બાળ મરણ અને માતા મરણનો દર નીચે આવે અને સ્વસ્થ સમાજની રચના માટેનો માર્ગ પણ સરળ બને તે જોવા વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

સોશ્યલી મેપીંગ તૈયાર કરવાની કામગીરી એક વર્ષ સુધી ચાલશે તેમજ જે ગામોમાં દિકરી અને દિકરાની જન્મની સરખામણીએ ઓછો દર છે તેવા ગામોમાં પણ ખાસ ધ્યાન કેન્દ્રીત કરવા માટે ભાર મુકવામાં આવ્યો હતો.

આ બેઠકમાં કુપોષણની સમસ્યાને લઈ પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન જે રીતે બાળકોમાં લોહતત્વની ઉણપો જણાઈ રહી છે તેની ગંભીર નોંધ લેતાં જિલ્લા કલેક્ટર સતીષ પટેલે લોહતત્વની ગોળીઓનું નિયમિત રીતે શાળાઓમાં વિતરણ થાય છે એ મુદ્દે સઘન મોનીટરીંગ કરવાની તાકીદ કરી હતી.

સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં દર સપ્તાહે ૧ લાખ જેટલા બાળકોને લોહતત્વની ગોળીઓનું વિતરણ કરવામાં આવે છે જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં કુપોષણની સમસ્યાને નિવારવા માટે પણ આ બેઠકમાં કેટલીક મહત્વની ચર્ચાઓ કરવામાં આવી હતી. આ બેઠકમાં પરિવાર નિયોજનની કામગીરી તેમજ વિવિધ યોજનાઓના અમલીકરણની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ યોજના, ચિરંજીવી યોજના, મા વાત્સલ્ય કાર્ડની યોજના સહિતની બાબતો અંગે સમીક્ષા કરાઈ હતી.

# સે-૨૮ જીઆઈડીસીમાં ગટરોના દુષિત પાણીનો ભરાવો દુર કરવા નવી લાઈન નંખાશે

## ગ-માર્ગ સાથે નવી લાઇનનુ જોડાણ આપવા માટે રૂ ૧ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૨૦

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બનતી જાય છે. જયારે નગરના જી આઈ ડી સી વિસ્તારમાં પણ ગટરોનુ દુષિત પાણી ભરાતા આ દુવિધા નિવારવા માટે તંત્ર દ્વારા સે-૨૮ જી આઈ ડી સી વિસ્તાર અને આદિવાડાની લાઈનને ગ માર્ગ સાથે જોડવાનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થશે.

શહેરના સેકટરોમાં વારંવાર ગટરો ઉભરાવાની સમસ્યા સર્જાય છે. સેકટરોમાં સ્થાનિક ઈન્કવાયરી કચેરીઓ શોભાના ગાંઠીયા સમાન બનતા આમ નાગિરાકોની ફરિયાદો સાંભળવા માટે પણ કોઈ હાજર ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે મેન પાવર અને મશીનરીના અભાવ વચ્ચે ગટરો ઉભરાવાની ફરિયાદો ડામવાનુ કામ તંત્ર માટે પણ મુશ્કેલ બન્યુ છે. શહેરના જી આઈ ડી સી વિસ્તારમા પણ ગટરોનુ દુષિત પાણી ભરાતુ હોવાનો કકળાટ લાંબા સમયથી ઉઠવા પામ્યો છે. જયારે આ જટીલ સમસ્યામાંથી જી આઈ ડી સી વિસ્તાર તેમજ આદિવાડાના ગ્રામજનોને ઉગારવા માટે તંત્ર દ્વારા નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવશે. આ માટે કોર્પોરેશન દ્વારા રૂ ૧ કરોડની રકમ ફાળવવામાં આવી છે. તંત્ર દ્વારા આ કામગીરીને અનુલક્ષી તંત્ર કક્ષાએ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી દેવાઈ છે. ટુંકમાં જ આ કામ હાથ ધરાશે. જયારે આ દરમિયાન જી આઈ ડી સી વિસ્તારમાં આ દુવિધા નિવારવા માટે ગ માર્ગ સાથે લાઈનનુ જોડાણ કરવા માટે નવી લાઈન નાંખવામાં આવશે.



શહેરમાં અચાનક જ વાતાવરણ પલટાયું છે. છેલ્લા કેટલાક દિવસથી અનુભવાઈ રહેલી આકરી ઠંડી ગાયબ થઈ ગઈ છે. લઘુત્તમ તાપમાન ૧૬.૫ ડિ.સે. થઈ ગયું છે. વાદળછાયા વાતાવરણ અને ઠંડા પવનોના કારણે ક્યારેક ઠંડક અનુભવાતી હતી. વાદળો હટતા આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થશે.

# નૈસર્ગિક પ્રાકૃતિક સુંદરતા નિહાળી કેન્દ્રિય પ્રવાસ મંત્રી મહેશ શર્મા પણ ભારે પ્રભાવિત

અમદાવાદ, તા. ૨૦

કેન્દ્રીય પ્રવાસન મંત્રી મહેશ શર્માએ પ્રવાસન પ્રવૃતિ એટલે માત્ર એક સ્થાનેથી બીજા સ્થાને હરવા ફરવા જવું એવી સીમિત વ્યાખ્યામાંથી બહાર લાવી સાંસ્કૃતિક, આતિથ્ય સત્કાર, રહન સહન અનેકતામાં એકતાના આપસી આદાન પ્રદાનનું પ્લેટફોર્મ બનાવવામાં આ પરિષદ ઉપયુક્ત બનશે તેમ જણાવ્યું હતું.

મહેશ શર્માએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશે જે વિશ્વ પ્રતિષ્ઠા મેળવી છે તેની ફલશ્રુતિએ ઉત્તરોત્તર વિદેશી પ્રવાસીઓની સંખ્યા વધી છે અને હુંડિયામણ રળવાની ક્ષિતિજો ખુલી છે તેની છણાવટ કરી હતી.

**ખોવાયેલ છે**

હાથની સોનાની કોંચી (લક્કી) ઘ-પથી ગાંધી મંદીર થઈ સરકારી પ્રેસ વચ્ચે હાથમાંથી નીકળી ગયેલ છે. જેને મળે તેને નીચેના નંબર ઉપર જાણ કરવા વિનંતી. જાણ કરનારને યોગ્ય ઈનામ આપવામાં આવશે.

મો. : ૯૮૨૪૬ ૨૯૧૩૯
મો. : ૯૬૮૭૬ ૨૩૯૯૪

**જોઈએ છે**

ઉદ્યોગ ભવન માટે ડેટા ઓપરેટર, કોમ્પ્યુટર તથા અંગ્રેજીના જાણકાર
અભ્યાસ - ગ્રેજ્યુએશન
સંપર્ક : ૯૭૧૨૯ ૭૫૧૩૬

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com